## MSUનાં તબલા વિભાગ દ્વારા કોન્સર્ટનું આયોજન કરાયું

# તીનતાલમાં પેશકાર, કાયદા, રેલા અને મધ્ય લયની બંદિશો પ્રસ્તુત કરાઇ

### વારાણસીના પ્રતીક નરસિંહ દ્વારા શાસ્ત્રીય ગાયનની પ્રસ્તુતિ કરવામાં આવી

**સંદેશ**

એમ.એસ.યુનિ.ની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના તબલા વિભાગ દ્વારા એક વર્ષ સુધી ચાલનારા પ્રો. સુધીરકુમાર સકસેના જન્મશતાબ્દી મહોત્સવના ભાગરૂપે જુલાઇ ૨૦૨૨ થી શરૂ થયેલા ૧૨ મંથલી મ્યૂઝિક કોન્સર્ટ પૈકીના છેલ્લા મંથલી મ્યૂઝિક કોન્સર્ટનું આયોજન કરાયું હતું.

૪ જૂને યોજાયેલા છેલ્લા મ્યૂઝિક કોન્સર્ટ વિશે માહિતી આપતા ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના ડીન પ્રો. ગૌરાંગ ભાવસારે જણાવ્યું હતું કે, આ કોન્સર્ટમાં પંડિત અનિશ પ્રધાનના શિષ્ય અને તબલા વિભાગના પીએચ.ડી. સ્કોલર એવા ધૈવત મહેતાનું તબલા સોલો પ્રસ્તુત થયું હતું. જેમાં તેઓએ તીનતાલમાં પારંપારિક પેશકાર, કાયદા, રેલા અને મધ્ય લયની બંદિશો વગાડીને શ્રોતાઓને



મંત્રમુગ્ધ કર્યા હતા. તેઓની સાથે સારંગી પર લહેરા સંગત અર્પિત માંડવીયાએ આપી હતી. ત્યારબાદ વારાણસીના પ્રતીક નરસિંહા દ્વારા શાસ્ત્રીય ગાયનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેમાં તેઓએ રાગ બિહાગ, છાયા નટ અને અંતમાં ટપ્પા અને દાદરા ગાઈને પોતાની પ્રસ્તુતિ સમાપ્ત કરી હતી. તેઓની સાથે તબલા પર દુષ્યંત રુપોલિયા, હાર્મોનિયમ પર નિલય સાલ્વી અને તાનપુરા પર આયુષ સોનીએ સંગત આપી હતી. આ મહોત્સવના છેલ્લા કાર્યક્રમને સફળ બનાવવા માટે ફેકલ્ટીના બધા જ વિભાગના વિભાગાધ્યક્ષ, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો ફાળો રહ્યો હતો.